શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૩
માર્ચ : ૨૦૨૫

राम भरत लछिमन ललित, सत्रु समन सुभ नाम ।
सुमिरत दसरथ सुवन सब, पूजहिं सब मन काम ।।

શ્રી સ્વામિનારાયણ મંદિર રાજકોટ તથા SGVP રીબડા ગુરુકુલના સંયુક્ત ઉપક્રમે મુખ્ય મંદિરમાં આયોજિત વંદુ સહજાનંદ...
યજ્ઞમાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો. પાડાસણ ગામે આયોજિત અનુષ્ઠાનમાં ઉસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તો

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે આયોજિત શિક્ષણ ગોષ્ઠિમાં ઉપસ્થિત
પૂજ્ય સ્વામીજી તથા સોમનાથ જિલ્લાના શિક્ષક મિત્રો

ક્રિકેટ ટૂર્નામેન્ટ GPL-14ના ઉદ્ઘાટન પ્રસંગે
ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો - SGVP

SGVP ગુરુકુલમાં અભ્યાસ કરતા ધોરણ દસ તથા બાર તેમજ અમદાવાદ ગુરુકુલ ખાતે અભ્યાસ કરતા
કોલેજના વિદ્યાર્થીઓના સમાવર્તન સંસ્કાર સમારોહ પ્રસંગે વિદ્યાર્થીઓને શુભાશિર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીજી તથા સંતો

ગુરુકુલ દર્શન



ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, માર્ચ : ૨૦૨૫, અંક : ૦૩

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

આવો જ્યું બિરાજો કહાના....

આવો જ્યું બિરાજો કહાના મોરે નેના આગે;

આવો. ટેક૦

નીરખી કમળમુખ ઉપજત અતિ સુખ;

દુઃખકે સમૂહ દેખી ઉરહું સે ભાગે. આવો૦ ૧

રુપ કી અનુપમતાઈ દેખી મન લાગ્યો ધાઈ;

નેના તો અરુન લાલ કહો કહાં જાગે. આવો૦ ૨

બોલો તોતરી સી બાની રેન કી નિશાની જાની;

અધર અંજન કપોલન પીક દાગે. આવો૦ ૩

સાચી કહો શ્યામ અનુરાગે કોનઉ કે ધામ;

એહી છબી રહો ઉર પ્રેમાનંદ માગે. આવો૦ ૪

અનુક્રમણિકા

૧. રાવણ અને વિજ્ઞાન	૦૪
૨. શ્રી અરવિંદનું શિક્ષણદર્શન	૦૬
૩. અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી	૧૦
૪. વૈષ્ણવજન તો તેને રે કહીએ-૩	૧૪
૫. સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

રાવણ અને વિજ્ઞાન

- સ્વામી માધવપ્રિયદાસ

રાવણ ભલે રાક્ષસ છે પણ અપૂર્વ વિદ્યાઓનો સ્વામી છે. જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. લક્ષ્મણજીને અભેદ્ય વિદ્યુતરેખા દોરતાં આવડે છે, તો રાવણને એમાંથી પણ રસ્તો કાઢી સીતાહરણ કરતાં આવડે છે.

હું નાનપણથી રામાયણ અને મહાભારતની કથા સાંભળતો રહ્યો છું. આ કથાઓનો મારા ચિત્ત ઉપર ઘેરો પ્રભવા છે. આપ પર પણ હશે જ. આ કથાઓ ઘણી જ રોચક છે.

રાવણનું પુષ્પક વિમાન તો પ્રસિદ્ધ છે. જેમ નાદિરશાહે દિલ્હીના બાદશાહ પાસેથી કોહીનૂર હીરો પડાવી લીધો હતો તેમ રાવણે પોતાના મોટા ભાઈ ધનપતિ કુબેર પાસેથી પુષ્પક વિમાન પડાવી લીધું હતું.

કહેવાય છે કે, રાવણની નગરી સોનાની હતી. રાવણને ત્યાં વાયુ વાસીદા વાળતા, અગ્નિ રસોઈ કરતા, વરુણ નીર ભરતા, દેવતાઓ રાવણના ગુલામો હતા. નવ ગ્રહો રાવણના બંદીખાને હતા. રાવણને બ્રહ્માએ વરદાન આપેલાં, પરિણામે એને માનવ સિવાય કોઈ મારી શકે તેમ નહોતું. દાનવરાજ રાવણ માનવને તો મગતરાં સમાન ગણતો હતો.

મને નાનપણમાં રાવણના વૈભવનું વર્ણન સાંભળતાં આશ્ચર્ય થતું. યુવાનીમાં એ વર્ણન સંશયગ્રસ્ત થયું. હવે એ વર્ણન વિજ્ઞાનમય લાગે છે.

યુરોપ-અમેરિકા જેવા દેશોમાં વેક્યુમ ક્લિનીંગના રુપે વાયુ વાસીદા વાળે છે. માઈક્રોવેવ ઓવનરુપે અગ્નિ રસોઈ કરે છે. જાતજાતના બાથરુમોમાં વરુણ જોઈએ એવાં નીર વરસાવે છે. ગરમ જોઈતું હોય તો ગરમ પાણી અવે, ઠંડું જોઈતું હોય તો ઠંડું આવે. સુગંધવાળું જોઈતું હોય તો સુગંધવાળું આવે.

એટલું જ નહીં, કુદરત ઉપર રાવણનો અંકુશ હતો. માગ્યા 'મે' વરસતા હતા. સૂર્ય ન ધીરા કે ન ઉગ્ર તાપે તપતો હતો. એનો અર્થ એ હતો કે રાવણની નગરીમાં ઘર કે બહારનું વાતાવરણ સમશીતોષ્ણ હતું.

રાવણ પરમ વૈજ્ઞાનિક હતો. રાવણની સોનાની લંકાના વૈભવનું વર્ણન આજે પણ સુવર્ણ જેવું ચળકે છે, જરાય ઝાંખુ નથી. રાવણની નિંદા કરનારા લોકો પણ અંતરમાં તો રાવણ જેવા જ વૈભવ ઝંખતા હોય છે.

સમૃદ્ધિ મેળવતા આવડવી જોઈએ. સાથે એને સાચવતાં પણ આવડવી જોઈએ. રાવણ બન્નેમાં પ્રવીણ હતો. આજની ભારતની સીમાઓમાં મન ફાવે ત્યાં ને મન ફાવે ત્યારે ઘૂસી જવાય એવા સીમાડા લંકાના નહોતા.

રાવણના યોદ્ધાઓ અપ્રતીમ શૌર્યથી ભરેલા હતા, જેઓ રાવણના રાજ્યની રક્ષા કરતા હતા. લંકા નગરીને ફરતા જળ-સ્થળમાં સુરક્ષા કવચો અભેદ્ય ગણાતાં. સાગરની 'સિંહિકા' અને લંકાની 'લંકિની'ની કથાઓ એના પ્રમાણો છે.

અહીં આશ્ચર્યની વાત એ છે કે રાવણની સુરક્ષા વ્યવસ્થા 'સ્ત્રીઓ' સંભાળતી હતી. એથી આશ્ચર્યની વાત એ છે કે રાવણના અભેદ્ય સુરક્ષા કવચોને કોણે તોડ્યાં ? તો, વાંદરાઓએ !

બિચારા ડાર્વિનને શું ખબર કે ભારતના વાનરો પણ કેટલા વિકસિત હતા ! ખરેખર ડાર્વિને રામાયણની કથા સાંભળવાની જરુર હતી !

નાનપણમાં રાવણવધની કથા સાંભળવાનું મને ખૂબ જ ગમતું. રાવણને દસ માથા અને વીસ હાથ હતા. એ સાંભળીને આશ્ચર્ય થતું. કથાકારોએ આ વાતને અનેક રીતે લડાવી છે. સાથે બુદ્ધિગમ્ય ખુલાસા દેવાનો પણ પ્રયાસ કર્યો છે. પણ એ વાતમાં આપણે પડવું નથી.

રામ-રાવણના યુદ્ધ વખતે રામ પગપાળા હતા. રાવણ રથમાં બેઠો હતો. દેવરાજ ઈન્દ્રે ભગવાન રામ માટે આકાશમાંથી રથ મોકલ્યો. અવકાશમાંથી પરગ્રહવાસી 'ઈટી'ના સેટેલાઈટ જેવો એ દેવતાઈ રથ અવની ઉપર ઉતર્યો.

વાલ્મિકી રામાયણમાં ઇંદ્રના રથનું વર્ણન અનેકવાર આવે છે. આ રથ અનંત આશ્ચર્યોથી ભરેલો હતો. મનના જેવી ગતિવાળો હતો. એની ગતિને પંચભૂતના અવરોધ નડતા નહોતા. એ ધરતીથી ચાર ફૂટ ઊંચો રહેતો. ધરતીનાં ગુરુત્વાકર્ષણનું બળ એને નડતું નહોતું. આ રથ અજેય હતો. અસ્ત્ર-શસ્ત્રના પ્રહારો એને સ્હેજે પણ ક્ષતિગ્રસ્ત કરી શકતા નહોતા. આ રથના અશ્વો પણ એટલા જ અદ્‌ભૂત હતા. આ રથના સારથિનું નામ માતલી હતું.

વાલ્મિકી રામાયણમાં આ રથનું સુંદર વર્ણન જોવા મળે છે. રાવણનું પુષ્પક વિમાન આ રથ પાસે તુચ્છ ગણાય. આવા દિવ્ય રથમાં ભગવાન રામચંદ્રજી બિરાજમાન થયા.

રાવણને મારવા માટે ભગવાન રામચંદ્રજી મંત્રેલું એક બાણ છોડે, પળવારમાં એ બાણમાંથી ત્રીસ બાણ થાય અને રાવણના દસેય માથા અને વીસ ભુજાઓ છેદાઈ જાય, પણ થોડીવારમાં પીપળાને ફૂંપળ ફૂટે એમ રાવણના માથાં અને હાથ પાછા ઊગી જાય. રાવણના મસ્તક અને ભુજાઓનું છેદન કરીને રામ થાક્યા પણ રાવણ મરતો નહોતો.

આખરે ભગવાને રહસ્યભરી નજરે વિભિષણ સામે જોયું. એ નજરમાં સંકેત હતો કે, 'આ સમસ્યાનો કોઈ ઉકેલ ખરો ?' વિભિષણે સંકેતથી કહ્યું, 'મહારાજ ! રાવણની નાભિમાં અમૃતકૂપ છે. એ અમૃતકૂપ જ્યાં સુધી નાશ નહીં પામે તયાં સુધી રાવણનો નાશ નહીં થાય.' રાવણનું રહસ્ય વિભિષણ જાણતા હતા. આખરે ઘર ફૂટ્યે ઘર જાય જેવો તાલ થયો.

રામે ભયંકર એકત્રીસ બાણો છોડ્યા. એક બાણે રાવણની નાભિ છેદી, ત્રીસ બાણોથી મસ્તક અને ભૂજાઓ છેદ્યાં અને રાવણનો નાશ થયો.

આગળ કહ્યું એમ મને નાનપણમાં આવી વાતોથી આશ્ચર્ય થતું અને આનંદ આવતો. પણ પછી સંશયો થવા લાગ્યા. શું આવું હોઈ શકે ? નાભિમાં 'અમૃતકૂપ' કેમ હોય ? કોઈપણ બાહ્ય વસ્તુનો શરીર સ્વીકાર કેમ કરે ? વગેરે વગેરે.

પણ આજે લાગે છે કે રાવણ 'જીનેટિક સાયન્સ'માં પરમ નિષ્ણાત હતો. આજે વિજ્ઞાન નિત્ય યુવાન રહેવાના નુસખા શોધે છે જ્યારે રાવણ નિત્ય યુવાન રહેવાનું રહસ્ય જાણતો હતો. વૃદ્ધાવસ્થા એને સ્પર્શી નહોતી. કોઈ અકળ સંજીવની ભરેલી 'બાયોચીપ્સ' એની નાભિમાં હતી જે એને 'અમર' અને 'યુવાન' રાખતી હતી. રામે એક જ બાણે 'પ્રોગ્રામ' કરેલી એ સીક્રેટ બાયોચીપ્સ તોડી નાખી અને રાવણનો અંત આવ્યો.

કોઈ પણ સ્ટારવોર્સને શરમાવે એવી આ વૈજ્ઞાનિક કથા છે !

આમેય સૃષ્ટિના આદિકાળથી દાનવો ઘણા ક્ષેત્રે દેવતાઓ કરતાં પણ અગ્રેસર રહ્યા છે. દાનવોની કથાઓ યંત્રશક્તિ અને મંત્રશક્તિઓથી ભરપૂર છે.

અસુરકુળની સંહારિણી મા પાર્વતીની કથામાં અનેક એવી વૈજ્ઞાનિક વાતોના બીજ પડ્યાં છે. મા અસુરને મારે પણ જો એનું લોહી ધરતીને સ્પર્શે તો એ લોહીના એક એક બુંદમાંથી અસુરોના વૃંદ પેદા થાય, એટલે જગદંબાએ યુક્તિપૂર્વક માર્ગ કાઢ્યો. અસુરનું મસ્તક છેદી એના લોહીને બારોબાર પોતાના ખપ્પરમાં શોષી લ્યે, એક પણ બુંદ નીચે ન પડે !

આવી કથાઓને દંતકથાઓ કહેવાને બદલે 'જીનેટિક સાયન્સ'ના દૃષ્ટિકોણથી જોવી જોઈએ. બાયોલોજીનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે એ જોતાં મને વિશ્વાસ છે કે આવનારી પેઢી અવશ્ય આ રહસ્યોને પામશે.

આપણે જેમ વાનરોને વિકૃત કર્યા છે એમ દાનવોને પણ જાત જાતના ભયંકર ચહેરાવાળા ચીતરી વિકૃત કર્યા છે.

દાનવો પ્રતિભાશાળી, પ્રભાવશાળી છે. સત્તા, સૌંદર્ય અને સંપત્તિના આરાધકો છે. એમના અંતરમાં રહેલી પૈશાચી અને પાશવી વૃત્તિઓને લોકમાનસ સહજતાથી સમજી શકે એટલા માટે કદાચ આવા કાળા, બિહામણા, માથે શીંગડાવાળા ચીતરવામાં આવ્યા હશે. કલાકારોની કલ્પનાઓ પણ ગજબની હોય છે. ભીતરના રહસ્યોને એ અવનવી રીતે અભિવ્યક્ત કરે છે.

શ્રી અરવિંદનું શિક્ષણદર્શન

- ભાણદેવજી

૧. જીવનદર્શન :

(૧) સમગ્ર જીવન યોગ છે.

(૨) જીવનનિષ્ઠ અધ્યાત્મનો સ્વીકાર છે, જીવનવિમુખ અધ્યાત્મ નહીં.

(૩) જીવનના અનેક અને અનેકવિધ આયામો છે. આ સર્વ આયામોનો સ્વીકાર અને આ સર્વ આયામોની કેળવણી થવી જોઈએ.

(૪) આ જગત મિથ્યા કે માયારૂપ નથી. આ જગત પ્રભુની અભિવ્યક્તિ છે.

(૫) આ જીવન જેવું છે, તેવું જ પર્યાપ્ત નથી. સમગ્ર જીવનનું આમૂલાગ્ર રૂપાંતર થવું જોઈએ. તદ્નુસાર શિક્ષણનો હેતુ છે - સંપૂર્ણ જીવનનું રૂપાંતર.

૨. પૂર્ણ કેળવણી :

સમગ્ર જીવનની કેળવણી, તે જ પૂર્ણ કેળવણી છે. પૂર્ણ કેળવણીનાં પાંચ સ્વરૂપો છે.

(૧) શરીરની કેળવણી
(૨) પ્રાણની કેળવણી
(૩) મનની કેળવણી
(૪) અંતરાત્માની કેળવણી
(૫) અતિમાનસ કેળવણી

૩. શરીરની કેળવણી :

એક સૈનિક શરીરને કેળવે છે અને એક સાધક શરીરને કેળવે છે. બન્ને શરીરને કેળવે છે, પરંતુ બન્નેની શરીર-કેળવણીનો હેતુ એક નથી. સૈનિક શરીરને કેળવે છે - ઘા મારવા માટે અને ઘા ઝીલવા માટે ! એક સાધક શરીરને કેળવે છે - અધ્યાત્મપથ પર ગતિ કરવા માટે અને અધ્યાત્મના ભારને ઝીલી શકે તેવું શરીર કેળવવા માટે. તદ્નુસાર બન્નેના ખાનપાન અને શરીર કેળવણીના માધ્યમો પણ ભિન્ન ભિન્ન હોય, તે સ્વાભાવિક જ છે.

અધ્યાત્મપથના પથિક શરીરને કેળવવા માટે શું કરશે?

(૧) વ્યાયામ - સૂર્ય નમસ્કાર આદિ
(૨) રમતગમત - દેશીરમતો, ચાલવું, દોડવું આદિ
(૩) યોગાસન - પ્રાણાયામ
(૪) સમતોલ નિરામિષ આહાર
(૫) ખામી કે રોગ હોય તો ઉચિત ચિકિત્સા

નોંધ : માટે ગુરુકુલોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સાધકો, ભાઈઓ-બહેનો - બધા માટે શારીરિક શિક્ષણમાં જવાનું અનિવાર્ય હોય છે.

૪. પ્રાણની કેળવણી :

પ્રાણ એટલે શું ? વ્યવહારમાં અનેકવાર 'આત્મા' અને 'પ્રાણ'ને પર્યાયવાચક ગણવામાં આવે છે. પરંતુ વસ્તુતઃ પ્રાણ અને આત્મા એક નથી. પ્રાણ તો આત્માના પાંચ શરીરમાંનું એક શરીર છે. ઉપનિષદમાં આત્માના પાંચ શરીર ગણાવ્યાં છે.

(૧) અન્નમય કોશ - સ્થૂળ શરીર
(૨) પ્રાણમય કોશ - સૂક્ષ્મ શરીર
(૩) મનોમય કોશ - સૂક્ષ્મ શરીર
(૪) વિજ્ઞાનમય કોશ - કારણ શરીર
(૫) આનંદમય કોશ - મહાકારણ શરીર

આમ પ્રાણ આત્મા નહીં પણ આત્માનું એક કારણ છે. પ્રાણ એટલે જીવનશક્તિ **(Vital energy)**. પ્રાણ, શરીર અને મનને જોડનાર વચલી કડી છે. શરીર અને મનને શક્તિ પૂરી પાડવાનું કાર્ય પ્રાણ કરે છે.

પ્રાણની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે ?

(૧) પ્રાણ બળવાન હોય
(૨) પ્રાણ નિર્મલ હોય
(૩) પ્રાણ ઊર્ધ્વગામી હોય

નિમ્નગામી પ્રાણ ભોગનો કારણ છે અને ઊર્ધ્વગામી પ્રાણ યોગનો કારક છે.

(૪) પ્રાણ સુસંવાદી અને સમતોલ હોય.

વિસંવાદી પ્રાણ શરીર અને મનને વિસંવાદી બનાવી દે છે.

પ્રાણની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે ?

(૧) પ્રાણાયામ
(૨) સંયમી જીવનપદ્ધતિ
(૩) પ્રાણની ક્રિયાઓ પ્રત્યે સભાન બનવું
(૪) પ્રાણની ક્રિયાઓ પર નિયંત્રણ રાખવું

૫. મનની કેળવણી :

મન એટલે શું ?

મન આત્માનું એક મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ સાધન છે, કરણ છે, માધ્યમ છે. મન એક શરીર છે, મનોમય કોષ છે.

મનનાં ચાર સ્વરૂપો છે, જેમને અંતઃકરણ ચતુષ્ટય કહેવામાં આવે છે. આ અંતઃકરણ ચતુષ્ટય આ પ્રમાણે છે -

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

મન - સંકલ્પ વિકલ્પ કરે છે.

બુદ્ધિ - વિચારણા અને સંકલ્પ કરે છે.

ચિત્ત - ચિંતન અને સંગ્રહ કરે છે.

અહંકાર - અજ્ઞાનાવસ્થામાં સંચાલન કરે છે.

મનની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે ?

(૧) એકાગ્રતા શક્તિ, ધ્યાન આપવાની શક્તિનો વિકાસ.

(૨) મનોજગતનો વિસ્તાર, વિશાળતા, સંકુલતા અને મનોમય સમૃદ્ધિનો વિકાસ.

(૩) મનોમય ચેતનામાં કોઈ ઉચ્ચ આદર્શની સ્થાપના અને જીવનશૈલી તે ઉચ્ચ આદર્શની આસપાસ ગોઠવાય તેવું મનોમય સંગઠન.

(૪) વિધાયક દૃષ્ટિકોણ.

(૫) કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર - આ ષડ્‌રિપુમાંથી મનને મુક્ત કરવું અને મુક્ત રાખવું અર્થાત્ ચિત્તશુદ્ધિ.

(૬) મન પર નિયંત્રણ. અનાવશ્યક અને નિરર્થક માનસિક ક્રિયાઓનો ત્યાગ.

(૭) મનની નિરવ અવસ્થાની પ્રાપ્તિ.

(૮) ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને ઝીલવા માટે મનનું ખુલ્લાપણું અને તે માટે મનની શક્તિ કેળવવી..

મનની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે ?

(૧) મનની કેળવણી માટેનો સંકલ્પ.

(૨) ગાયત્રી આદિ મંત્રોનો જપ.

(૩) મનની ક્રિયાઓ પરત્વે જાગરુકતા.

(૪) મનની ક્રિયાઓ પર નિયંત્રણનો સંકલ્પ અને તદનુરૂપ અભ્યાસ.

(૫) પ્રાણાયામનો અભ્યાસ.

(૬) ધ્યાનનો અભ્યાસ.

(૭) ઉત્તમ ગ્રંથોનો સ્વાધ્યાય.

(૮) ઉત્તમ સ્થાન અને ઉત્તમ વ્યક્તિઓનો સંગ.

૬. અંતરાત્માની કેળવણી :

અંતરાત્મા એટલે શું ? અંતરાત્માને ચૈત્યપુરુષ **(Psychic)** પણ કહેવામાં આવે છે.

પરમાત્મામાંથી, પરમાત્માના પ્રતિનિધિરૂપે જે તત્ત્વ સીધું ઊતરી આવ્યું છે, તે ચૈત્યપુરુષ છે. ચૈત્યપુરુષ એક વિકાસશીલ ચેતના છે. જેમ જેમ વિકાસ થતો જાય, તેમ તેમ ચૈત્યપુરુષની દિવ્ય સંભાવનાઓ અભિવ્યક્ત થવા માંડે છે.

સામાન્યતઃ માનવીમાં ચૈત્યપુરુષ અર્થાત્ અંતરાત્મા બહિરંગ ચેતનાના પડદા પાછળ હોય છે. આ બહિરંગ ચેતનાના પડદાને ભેદીને ચૈત્યપુરુષ આગળ આવે છે, ત્યારે તે વ્યક્તિત્વ, જીવન અને અધ્યાત્મયાત્રાનો સંચાલક બને છે. મન, પ્રાણ અને શરીર તેનાં માધ્યમો કે કરણો બને છે. આપણા અધ્યાત્મરથનો સારથી જ્યારે ચૈત્યપુરુષ બને છે, ત્યારે જ આપણી પૂર્ણયોગની સાધનાનો નિશ્ચયાત્મક અને યથાર્થ પ્રારંભ થાય છે.

ભગવત્ પ્રેમ અને ભગવાન પ્રત્યે સમર્પણભાવ - આ ચૈત્યપુરુષનાં સ્વરૂપગત તત્ત્વો છે.

ઉપનિષદોમાં 'અંગુષ્ઠમાત્ર પુરુષ' નું કથન છે. આ કથન 'ચૈત્યપુરુષ' વિશે છે.

આપણે સામાન્ય અર્થમાં જેને 'આત્મા' કહીએ છીએ, તે અને શ્રીઅરવિંદ જેને 'ચૈત્યપુરુષ' કહે છે, તે બન્ને સર્વથા એક જ તત્ત્વ નથી.

આત્મા સદા નિર્વિકાર અને સર્વદા અપરિવર્તનશીલ છે. આત્મા પોતાનું એક સ્વરૂપ ઉત્ક્રાંતિમાં મૂકે છે - વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર થવા માટે અને ઉત્ક્રાંતિમાં આગેવાન થવા માટે ! આત્માનું આ સૃષ્ટિમાં ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું તત્ત્વ તે જ 'ચૈત્યપુરુષ' છે.

ચૈત્યપુરુષ ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું ચૈતન્ય છે. એટલું જ નહીં, પરંતુ ઉત્ક્રાંતિ થઈ રહેલું અર્થાત્ વધુને વધુ અભિવ્યક્ત થઈ રહેલું ચૈતન્યતત્ત્વ છે.

આત્માને ઉત્ક્રાંતિ નથી; ચૈત્યપુરુષને ઉત્ક્રાંતિ છે. બન્ને વચ્ચેનો મૂળભૂત ભેદ આ છે.

ચૈત્યપુરુષનો વિકાસ એટલે શું ?

(૧) ચૈત્યપુરુષ પડદા પાછળથી આગળ આવે છે.

(૨) ચૈત્યપુરુષ વધુને વધુ અભિવ્યક્ત થાય છે.

(૩) ચૈત્યપુરુષ વ્યક્તિત્વ અને વ્યક્તિની વિકાસયાત્રાનો આગેવાન કે સંચાલક બને છે.

(૪) ચૈત્યપુરુષ જીવનનું કેન્દ્રીભૂત સ્વરૂપ ધારણ કરે છે.

(૫) શરીર-પ્રાણ-મન ચૈત્યપુરુષના આધિપત્ય અને



માર્ગદર્શનનો સ્વીકાર કરે છે.

(૬) આપણાં જીવનમાં અહંકારનું સ્થાન છે, તે સ્થાને ચૈત્યપુરુષ પ્રતિષ્ઠિત થાય છે.

(૭) સાધકનું સમગ્ર જીવન ચૈત્યપુરુષની આગેવાની હેઠળ પરમાત્મા પ્રત્યે તીરની જેમ છૂટે છે.

(૮) સાધકનું સમગ્ર જીવન રૂપાંતરિત થવા માંડે છે.

અંતરાત્મા (ચૈત્યપુરુષ)ની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે ?

(૧) સમર્પણભાવ

(૨) અંતરાત્માનું ધ્યાન - હૃદયકેન્દ્રમાં ધ્યાન

(૩) અંતરાત્માના જાગરણની તીવ્ર અભીપ્સા

(૪) મંત્રજપ

૭. અતિમાનસ કેળવણી :

માનવી ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન નથી. માનવીથી આગળની ઉત્ક્રાંતિનું હવે પછીની ઉત્ક્રાંતિનું સોપાન છે - અતિમાનસ ચેતનાનો આવિર્ભાવ.

આ નવી અતિમાનસ સૃષ્ટિમાં એક નવી અતિમાનસ કેળવણી પણ હશે. પરંતુ તેના સ્વરૂપ વિશે કાંઈ કહેવું તે આપણા માટે અનધિકાર ચેષ્ટા ગણાશે. તેથી તે વિશે આપણા માટે મૌન રહેવું, તે જ ઉચિત ગણાય.

૮. સાચી કેળવણીના સિદ્ધાંતો :

(૧) શિક્ષણ વિદ્યાર્થી પર લાદી શકાય નહીં. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીને શિક્ષણમાં સહાય કરવાનું છે.

(૨) શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન કેવી રીતે મેળવવું, તેની પદ્ધતિ શીખવે છે.

(૩) શિક્ષક વિદ્યાર્થીની અંદર રહેલાં જ્ઞાનને બહાર કાઢવાનું કામ કરતો નથી, પરંતુ આ જ્ઞાન વિદ્યાર્થીમાં છે તે વિદ્યાર્થીને શીખવે છે અને તે જ્ઞાન બહાર લાવવાનો અભ્યાસ કેવી રીતે કરી શકાય, તે બતાવે છે.

(૪) શિક્ષણ જીવનભર ચાલતી પ્રક્રિયા છે.

(૫) શિક્ષણમાં સ્ત્રી-પુરુષનો ભેદ કરવો જોઈએ નહીં.

(૬) પ્રત્યેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે, તદ્નુસાર તેની વિકાસયાત્રા પણ વિશિષ્ટ રહેશે. બધાનું એક જ પ્રકારનું અને એક જ રીતે શિક્ષણ થાય તેમ નથી.

(૭) શિક્ષણપૂર્ણતા તરફ ગતિ.

(૮) શિક્ષણ પરીક્ષામાં સફળતા માટે નથી; વધુ ગુણ પ્રાપ્ત કરવા માટે નથી અને સારી નોકરી મેળવવા માટે પણ નથી. શિક્ષણ જીવનવિકાસ માટે છે.

(૯) વિદ્યાર્થી માતાપિતા કે શિક્ષકની કલ્પના પ્રમાણે વિકાસ પામે - આ દૃષ્ટિ ઉચિત નથી. વિદ્યાર્થી પોતાના વિશિષ્ટ સ્વરૂપને અનુરૂપ વિકાસ સાધે, તે દૃષ્ટિ ઉચિત છે.

ડૉક્ટરનો પુત્ર ડૉક્ટર જ બને, તે આવશ્યક નથી, તે સંગીતકાર પણ બની શકે છે.

(૧૦) શિક્ષણમાં અધ્યાત્મનો પુટ આપવો જોઈએ.

(૧૧) બાળક પર નીતિમત્તા લાદવાની નથી. તેની નીતિમત્તાને અભિવ્યક્ત થવા દેવાની છે.

૯. શિક્ષણનું વિશિષ્ટ સ્વરૂપ :

શ્રી અરવિંદ દ્વારા શ્રીઅરવિંદ આશ્રમમાં શિક્ષણનો જે પ્રયોગ થયો છે અને જે રીતે શિક્ષણ ચાલી રહ્યું છે, તેની કેટલીક વિશેષતાઓ અહીં પ્રસ્તુત છે.

(૧) પ્રત્યેક વિદ્યાર્થી આટલી ભાષાઓ અવશ્ય જાણે છે - અંગ્રેજી, ફ્રેંચ, હિન્દી, સંસ્કૃત, તમિલ અને પોતાની માતૃભાષા.

પ્રાથમિક શાળાનાં બાળકો સંસ્કૃતમાં વાતો કરી શકે છે. બાલવાડીમાં સંસ્કૃત બોલતાં શીખવાય છે.

(૨) બાલવાડીથી પ્રારંભ કરીને કોલેજ શિક્ષણ પૂરું

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળ:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમય :- દર માસની ૨૫ તારીખે

મુદ્રકનું નામ :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પ્રકાશકનું નામ :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતા :- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામ :- પાર્ષદ શામજી ભગત

રાષ્ટ્રીયતા :- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

માસિકના માલિક :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

થાય ત્યાં સુધીમાં કોઈ પણ સ્વરૂપની પરીક્ષા લેવામાં આવતી નથી. નાનકડો ટેસ્ટ પણ નહીં.

(૩) બાલવાડીઓ, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, ભિન્નભિન્ન શાખાની કૉલેજો આદિ છે. કુલ લગભગ ૨૨૫ શિક્ષકો છે. આમાંથી એક પણ શિક્ષક પગારદાર શિક્ષક નથી. બધાં જ શિક્ષકો-શિક્ષિકાઓ આશ્રમવાસી સાધકો છે.

(૪) બધા જ વિદ્યાર્થીઓ માટે સાંજે શારીરિક શિક્ષણ માટે રમતગમતના મેદાનોમાં જવાનું અનિવાર્ય છે.

(૫) વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક વિશેષ પ્રકારના ખાસ ભોજનાલયની વ્યવસ્થા છે.

(૬) આ શિક્ષણ સંસ્થામાં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની શિક્ષા કરી શકાય નહીં.

(૭) વિદ્યાર્થીની ભૂલ કે નિષ્ફળતા માટે શિક્ષકને જવાબદાર ગણવામાં આવે છે.

(૮) આ શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરવા માટે વિદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આવે છે.

(૯) આ શિક્ષણ સંસ્થાના ૧૦૦% વિદ્યાર્થીઓ સંસ્થાનાં છાત્રાલયોમાં જ રહે છે. માત્ર બાલવાડીમાં અપવાદ છે.

(૧૦) આ શિક્ષણ સંસ્થામાં અભ્યાસ પૂર્ણ થયા પછી કોઈ પણ પ્રકારનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. કારણ કે અહીં અભ્યાસ ડિગ્રી મેળવવા માટે નહીં પરંતુ જીવનવિકાસ માટે થાય છે.

(૧૧) આમ છતાં આ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવવા માટે પડાપડી થાય છે.

(૧૨) શ્રીઅરવિંદ પ્રણિત આ શિક્ષણ સંસ્થામાં ટ્યુશનપ્રથાને કોઈ સ્થાન નથી. પ્રથમ વર્ગ, દ્વિતીય વર્ગ, પહેલો નંબર, બીજો નંબર - એવું કશું જ અહીં નથી.

(૧૩) એક વિદ્યાર્થી એક વિષયમાં ધોરણ-૮માં હોય અને અન્ય વિષયમાં ધોરણ-૬ કે ધોરણ૧૦માં હોય તેમ બની શકે છે. (ડોલ્ટન પ્લાન)

(૧૪) આ શિક્ષણસંસ્થામાં સંગીત, નૃત્ય, ચિત્ર, અભિનય આદિ કળાઓના શિક્ષણની ઉચિત વ્યવસ્થા છે.

(૧૫) વિદ્યાર્થીનું મૂલ્યાંકન પરીક્ષા વિના થાય છે.

(૧૬) આ શિક્ષણસંસ્થામાં ટકાસુરનો આતંક નથી, કારણ કે પરીક્ષા અને પ્રમાણપત્ર કે માર્કશીટ જ નથી.

(૧૭) વિજ્ઞાનનું શિક્ષણ પ્રયોગો દ્વારા થાય છે, વ્યાખ્યાનો દ્વારા નહીં.

(૧૮) શારીરિક શિક્ષણની સમુચિત વ્યવસ્થા છે. રમતગમતનાં મેદાનો, સ્વિમિંગપુલની સુંદર વ્યવસ્થા છે.

(૧૯) વિદ્યાર્થીને વિષય પસંદગીની પૂર્ણ સ્વતંત્રતા છે. કોઈ ચાર વેદનો અભ્યાસ કરે કે કોઈ મનોવિજ્ઞાનમાં ડૂબકી મારી શકે.

■■■

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

અનંત અમાપ

અનંતતા ઈશ્વરની કોઈના
ભેજાંમાં ન સમાય,
મન ને વાણી દોડી દોડી જે
છેવટે થાકી જાય !
છેવટે થાકી જાય વિરામી,
ભક્તિ જ એના પદને પામી !
કહે કોવિદરામ તર્ક કરો ના
અનંતતા ઈશ્વરની કો'ના
ભેજામાં ન સમાય.

પૃથ્વી તણો પીંડો કર્યો, રજ લાવતો ક્યાંથી હશે ?
જગચાક ફેરવનાર એ કુંભાર બેઠો ક્યાં હશે ?
જગચોરસે બૂટ્ટા ભર્યા, ક્યારે કિનારી છાપશે ?
બીબાં કહો કેટલાં હશે, રંગરેજ બેઠો ક્યાં હશે ?
છેતરે છેતરાય ના, અબજોનો આડતિયો દીસે,
સૌને મજૂરી ચૂકવે એ શેઠીયો કેવો હશે ?

- પદ્મશ્રી દુલા ભાયા કાગ

ઈશ્વરની અનંતતા વિશે લોકકવિ દુલા કાગની ઉપરોક્ત રચના કાફી છે. ઈશ્વરની વિશાળતા માણસના મગજમાં સમાય એમ નથી, તેથી ઈશ્વરને માપવાને બદલે પામવાનો હોય છે. જેની ગતિ અવાજ અને પ્રકાશથી પણ વધુ છે, એ માનવ મનની માપપટ્ટી ઈશ્વરને માપવા માટે અસમર્થ છે. માણસ પોતાની વાણીથી પણ એ વિશાળતાનું વર્ણન કરી શકે તેમ નથી.

પૃથ્વીનો કાગળ, સમંદરની શાહી અને વનરાજીની કલમ કરીએ તો પણ હરિગુણ લખી ન શકાય એમ એની અનંતતા પણ સમજી શકાય તેમ નથી. માત્ર ભક્તિ દ્વારા પ્રભુના પગને પામી શકાય, પદરજને પામી શકાય. જ્યારે તર્ક શમે, ત્યારે જ તથ્ય પામી શકાય.

■■■

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ખાનદેશનો પ્રવાસ

ભગવાન શ્રીસ્વામિનારાયણ પાસે ત્યાગી સાધુઓનું ખૂબ મોટું મંડળ હતું. લગભગ બેથી ત્રણ હજાર સાધુઓ શ્રીજી મહારાજની નિશ્રામાં રહી સાધના, ભક્તિ, ઉપાસના કરી રહ્યા હતા.

આટલી મોટી સંખ્યામાં રહેલા સાધુઓને શ્રીજી મહારાજ ઉત્સવ પ્રસંગે બોલાવતા, બાકીના સમયે દેશ-પ્રદેશમાં વિચરણ કરવા મોકલતા. સંતોને વિચરણ કરવા મોકલાવા પાછળના કેટલાંક કારણો હતાં.

એક, આટલી મોટી સંખ્યામાં સાધુઓ જ્યાં એકસાથે રહે ત્યાં વ્યવસ્થા પણ મોટી જોઈએ. એ જમાનામાં કોઈ એવું એક આશ્રયસ્થાન નહોતું કે જ્યાં તમામનો નિર્વાહ થઈ શકે.

બીજું, સંતો વિચરણ કરવા જાય, ગામડે ગામડે - શહેરે શહેરે ફરે, અનેક લોકો સંતોના સંસર્ગમાં આવે, સંતોના મુખે ઉપદેશ-વાર્તા સાંભળે, જેથી એ લોકો વ્યસનો-વહેમ-અંધશ્રદ્ધામાંથી મુક્ત થાય અને ભગવાનને ઓળખે, તેથી મુક્તિનો દરવાજો પણ ખૂલે.

ત્રીજું, પાણી વહેતું ભલું અને સંતો ફરતા ભલા. એ ન્યાયે સંતો ગામડે ગામડે ફરે તેથી સ્થાન-દેશનું બંધન ન થાય. બેઠાડું જીવન ન રહેવાથી શરીર સારાં રહે. રોજિંદા વ્યવહારમાં અનુકૂળતા રહેવાથી દેહાભિમાન ઘટે. વ્યવહાર, પરિસ્થિતિ, સંજોગ ભિન્નભિન્ન રહેવાથી સંતોનું ઘડતર પણ થાય. આવા કેટલાંક કારણોથી મહારાજ સંતોને મોટા ભાગે વિચરણ કરવા મોકલતા.

એક સમયે શ્રીજી મહારાજ સંતોને વિવિધ પ્રદેશોમાં વિચરણ કરવા મોકલી રહ્યા હતા. જેમાં સ્વરૂપાનંદ સ્વામીને કાશી મોકલ્યા, નિર્માનાનંદ સ્વામીને પૂના મોકલ્યા, નરનારાયણાનંદ સ્વામીને તથા અદ્‌ભુતાનંદ સ્વામીના મંડળને દક્ષિણ દેશમાં મોકલ્યા. સંતો વિદાઈ લઈ રહ્યા હતા ત્યારે મહારાજે સર્વને કહ્યું, "સંતો ! તમે ધર્મપ્રચાર માટે દેશ-પ્રદેશ જાઓ. વિચરણ કરતાં કરતાં અવધૂતગીતા અને મણિરત્નમાલા ગ્રંથ કંઠે કરવા. સાથે સાથે લોકોને સદુપદેશ આપી સત્સંગ કરાવજો. અમે સદાય તમારી સાથે છીએ એમ માનજો."

મહારાજની આજ્ઞા શિરોધાર્ય કરી અદ્‌ભુતાનંદ સ્વામી સાઠ સંતોને સાથે લઈને ચાલવા લાગ્યા. ભરૂચ નર્મદા નદી પાર કરી માંડવી થઈને ખાનદેશનાં માલેગામ આવ્યા.

આ સમયે શ્રીજી મહારાજે સંતો માટે પ્રકરણ ચલાવ્યું હતું કે, 'દરેક સાધુઓએ એક અલફી અને કૌપીનભર જ રહેવું. બીજું કોઈ વસ્ત્ર પાસે રાખવું નહીં.'

હવે શિયાળાની ઋતુ હતી. આકાશમાંથી સખત ઠંડી વરસી રહી હતી. સંતોએ કોઈ આશ્રય સિવાય વન-વગડામાં પડ્યું રહેવાનું હતું. કોઈ સંતો પાસે ઓઢવાનું હતું નહીં. આખી રાત્રિ ખુલ્લાં આકાશ નીચે રહી ઠંડી સહન કરવાની અને સવારે નદીના અતિ ઠંડાં પાણીથી નહાવાનું થતું.

આ બધાં કારણોને લીધે સંતોના હાથ-પગની ચામડી ફાટી ગઈ હતી અને એમાંથી લોહી વહેવા માંડ્યું હતું. ઉપરાંત ભિક્ષા માગીને કાચું-પાકું જે અન્ન મળે તે દિવસમાં એક જ વખત જમવાનું હતું. કોઈ કોઈ વાર તો ભિક્ષા પણ ન મળતી, ત્યારે સંતોને લાગટ બે-ત્રણ દિવસના ઉપવાસ થઈ જતા હતા. ક્યારેક સંતો ભૂખને સંતોષવા વૃક્ષ-વેલીઓના પાન ખાઈને થોડું-ઘણું પેટ ભરતા.

આમ, અતિ આકરી તપશ્ચર્યાથી સંતોના શરીર હાડપિંજર જેવાં બની ગયાં હતાં. કેટલાક સંતોનાં શરીરને તો ભારે મંદવાડ લાગુ પડી ગયો હતો. હવે આનાથી વધારે કઠણ આજ્ઞા પળાય તેવું લાગતું નહોતું. કેટલાંક સંતો તો મનથી પણ હારી ગયા હતા.

એ જ વખતે કોઈ હરિભક્ત સાથે શ્રીજી મહારાજનો પત્ર આવ્યો. શ્રીજી મહારાજે સંતોને લખ્યું હતું કે, "હમણાં જેમ રહો છો અને જેવો વેશ રાખો છે એવો જ રાખજો. અમારે જે કહેવું છે તે પછી કહેશું."

એક તો માંડ જીવાતું હતું, એમાં મહારાજે કહેવડાવેલાં વચનો સાંભળી સંતોને થોડો આઘાત લાગ્યો. સંતો આ કઠણ પ્રકરણને પૂરું કરવા માંગતા હતા, એના બદલે હજુ વધારે ચલાવવાનું હતું. તેથી જે કાચા-પોચા મનવાળા સંતો હતા તે રાત્રે વહેલા ઊઠીને અદ્‌ભુતાનંદ સ્વામીને કશું કહ્યા વગર ચાલ્યા ગયા. સાઠ સંતો હતા, તેમાંથી ફક્ત સાત સંતો જ રહ્યા.

જે સાત સંતો બચ્યા એના માટે મહારાજની એક નવી આજ્ઞાનું પાલન કરવાનું હતું. શ્રીજી મહારાજે પત્રમાં કહેડાવ્યું હતું કે, 'હવે સંતોએ મંડળમાં રહીને નહીં, પણ એકલા ફરવાનું છે.' મહારાજની આજ્ઞાનું પાલન કરતા સાતેય સંતો અલગ અગલ દિશાઓમાં વિચરણ કરવા રવાના થયા.

ફરતાં ફરતાં અદ્‌ભુતાનંદ સ્વામી માલેગામ આવ્યા. અહીં નદીકિનારે એક વૃક્ષ નીચે શિવાલય હતું, ત્યાં ત્રણ દિવસ રહ્યા.

કુંજબારીમાં આગમન

કુંજબારી શહેર ખૂબ મોટું હતું. શહેરના પાદરમાં એક નદી વહેતી હતી. નદીના કિનારા ઉપર જ શહેરના રાજાની હવેલી હતી. અહીંનો રાજા બ્રાહ્મણ હતો. એમનું નામ નારસિંહ રાવજી હતું.

નારસિંહ રાવજી પવિત્ર બ્રાહ્મણ હતો. તેમને શાસ્ત્ર અને સાધુપુરુષોમાં ખૂબ શ્રદ્ધા અને નિષ્ઠા હતી.

સાંજના સમયે નારસિંહ રાવજી મહેલના ઝરુખામાંથી ડૂબતા સૂર્યનું સૌંદર્ય માણી રહ્યા હતા. આકાશમાં પથરાયેલી લાલિમા, દૂર દૂર સુધી વહેતી દેખાતી નદી અને ચારેતરફ ફેલાયેલી હરિયાળી ધરતીને જોઈ રાજાનું મન પ્રફુલ્લિત હતું.

એ સમયે અદ્‌ભુતાનંદ સ્વામી નદી કિનારે આવ્યા. નદીમાંથી તુંબડું ભરીને પાણી પીધું. પછી નગરના દરવાજે ઓટલો હતો ત્યાં આવીને આંખો બંધ કરીને ધ્યાનાવસ્થામાં બેઠા.

નારસિંહ રાવજીની દૃષ્ટિ ધ્યાનાવસ્થામાં બેઠેલા અદ્‌ભુતાનંદ સ્વામી ઉપર પડી. સ્વામીની પ્રભાવશાળી અને તેજસ્વી મુખાકૃતિ જોઈ નારસિંહ રાવજીનું અંતઃકરણ શાંતિ અનુભવવા લાગ્યું. સાધુ-સંતો પ્રત્યે પૂજ્ય બુદ્ધિવાળા નારસિંહ રાવજીને આ અદ્‌ભુત તેજસ્વી સંતપુરુષ પ્રત્યે ભારે ભાવ જાગ્યો. 'આ કોઈ મહાન સંત છે' એવું જાણી રાજાને સ્વામીની પધરામણી મહેલમાં થાય અને એમની સેવાનો લાભ મળે એવો વિચાર આવ્યો.

તુરત જ રાજાએ પોતાના ચાકરને સ્વામી પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે, 'મહાત્માન્ ! સાંજ ઢળવા આવી છે. નગરનો દરવાજો બંધ થવામાં છે. રાત્રે અહીં વાઘની અવર-જવર રહે છે, માટે આપ શહેરમાં પધારો.'

સ્વામીએ સેવકને કહ્યું, ''ભાઈ ! જ્યાં સ્ત્રીઓને જવા-આવવાનો પ્રસંગ હોય ત્યાં રહેવાની અમારા ગુરુની આજ્ઞા નથી. માટે અમારાથી મહેલમાં નહીં અવાય.''

તુરત જ સેવકે સ્વામીએ કહેલી વાત રાજાને કહી. રાજા ભારે પ્રભાવિત થયો. એમણે તુરત જ જ્યાં કોઈ બાઈમાણસનો પ્રવેશ ન હોય એવો ઓરડો તૈયાર કરાવ્યો અને ફરી સેવકને સ્વામી પાસે મોકલ્યો.

સેવકે આવી સ્વામીને કહ્યું, ''આપની અનુકૂળતા પ્રમાણે તમામ વ્યવસ્થા થઈ ગઈ છે, માટે આપ મહેલમાં પધારો.''

સ્વામી મહેલમાં આવ્યા. મહેલની બાજુમાં જ એ સુંદર ઓરડો હતો ત્યાં સ્વામીને ઉતારો આપ્યો. સ્વામીને ઉતારો માફક આવે તેમ હતો તેથી સ્વામીએ રાત્રિનિવાસ અહીં જ કરવાનું નિર્ધાર્યું.

બીજા દિવસની સવાર થઈ. સ્વામી નિત્યક્રમ કરી પરવાર્યા. એ સમયે રાજાના ગુરુ સ્વામી પાસે આવ્યા. તેઓ શાસ્ત્રોના ભણેલા અને વિદ્વાન હતા. રાજ્યમાં એમનું ખૂબ માન હતું. રાજા દરેક કાર્ય ગુરુની આજ્ઞા પ્રમાણે જ કરતા.

એ વિદ્વાન બાવાજી સ્વામીના પ્રભાવથી પ્રભાવિત થયા. તેમણે સ્વામીને પૂછ્યું, ''મહાત્માજી ! આપ કોના સંત છો અને ક્યાંથી આવો છો ?'' સ્વામીએ પોતાનું તથા સંપ્રદાયસંબંધી તમામ વૃત્તાંત બાવાજીને કહ્યું.

સ્વામી જે સમયે સંપ્રદાય વિશે જણાવી રહ્યા હતા ત્યારે બાવાજીની નજર સ્વામી પાસે પડેલા ગ્રંથ ઉપર પડી. એમણે સ્વામીને પૂછ્યું, ''મહાત્માજી ! આ શાનું પુસ્તક છે ?''

સ્વામીએ પોતાની નોંધપોથી હાથમાં લીધી અને કહ્યું, ''આ ગ્રંથમાં વેદ, શાસ્ત્રો તથા અઢાર પુરાણનો સાર સમાયેલો છે.''

આટલા નાના ગ્રંથમાં સર્વ શાસ્ત્રનો સાર સમાયેલો છે એ સાંભળી પેલા બાવાજી થોડા થોથવાયા. એમને અંદરથી થોડો ડર લાગ્યો કે, 'આટલી નાની ચોપડીમાં સર્વ શાસ્ત્રો તથા પુરાણોની વાતો સમાવી દેનારા આ મહાત્મા બહુ મોટા વિદ્વાન હશે ! જો એ મને પ્રશ્ન પૂછશે અને મારાથી ઉત્તર નહીં થાય, તો રાજ્યમાં મારી આબરુ જશે. માટે આ મહાત્મા મને જવાની આજ્ઞા આપે તો હું ઝડપથી અહીંથી જતો રહું.'

સ્વામી બાવાજીના મનમાં ચાલતી ગડમથલ જાણી ગયા. તેથી બાવાજીને કહ્યું, ''બાવાજી ! તમારા મનમાં

અહીંથી જવાનો સંકલ્પ હોય તો ખુશીથી જાઓ.''

સ્વામીના આ શબ્દોએ બાવાજીનાં અંતરને ભારે પછડાટ આપ્યો. આ મહાત્માજી તો મનનું જાણી જાય છે ! માટે કોઈ સાધારણ પુરુષ નથી એવું જાણી સ્વામીને બે હાથ જોડી નમ્રતાથી કહ્યું, '' આપે મારાં અંતરની વાત કહી બતાવી! માટે આપ તો કોઈ ઈશ્વરમૂર્તિ લાગો છો.'' એમ કહી બાવાજી સ્વામીને પગે લાગી પોતાને ઉતારે જતા રહ્યા.

રાજગુરુ બાવાજી અદ્‌ભુતાનંદ સ્વામીના વ્યક્તિત્વથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેઓના મસ્તિકમાં સ્વામીની પ્રતિભાએ સત્તા જમાવી દીધી હતી. તેઓ સ્વામીના ગુણ ગાવાથી થાકતા નહોતા. રાજા પાસે જઈ બાવાજીએ સ્વામીના ખૂબ વખાણ કર્યા. એમણે સ્વામીની મહાનતાનો મહિમા રાજાના હૃદયમાં ઉતારી દીધો. તેથી રાજા પણ સ્વામીથી ખૂબ આકર્ષિત થયા.

બીજા દિવસની સવારે રાજકચેરી ભરાઈ. રાજાએ ખૂબ ભાવથી કચેરીમાં સ્વામીની પધરામણી કરાવી. મોટી ખુરસીમાં સ્વામીને બેસાડ્યા અને રાજા સહિત આખી સભાએ ઊભા થઈ સ્વામીનો સત્કાર કર્યો. એ પછી રાજાએ ભારેભારે વસ્ત્રાલંકારોના થાળ, પાંચસો રૂપિયા તથા ફળ-ફૂલ, સાકર વગેરે વિવિધ પ્રકારની ભેટ સ્વામી આગળ ધરી અને ચંદન-પુષ્પથી સ્વામીની પૂજા કરી. પછી રાજાએ સ્વામીને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને પોતાને આસને બેઠા.

આખી સભાની દૃષ્ટિ સ્વામી તરફ હતી. સ્વામીએ સર્વ સભાસદો સામે જોયું. પછી મંદમંદ હસતાં હસતાં સ્વામી બોલ્યા, ''મહારાજ ! અમે તો સ્વામિનારાયણના સાધુ છીએ. અમારાથી આવી સામગ્રીઓનો સ્વીકાર ન થાય. અમારા ભગવાનની આજ્ઞા નથી અને અમારે સાધુને આ પદાર્થો કોઈ કામના પણ નથી.''

સ્વામીની નિસ્પૃહિતા ઉપર આખી કચેરી આફરીન થઈ ગઈ. 'કાંઈ જોઈએ જ નહીં' એવા મહાત્માનાં દર્શન આજે સૌને પ્રથમ વખત થઈ રહ્યાં હતાં. રાજાએ કહ્યું, ''મહાત્માજી ! આપ જેવા સંતનાં દર્શન મહા દુર્લભ છે. અમારાં રાજ્યમાં આપ પધાર્યા એટલે અમારી ફરજ પ્રમાણે અમે આપની પૂજા કરી આ સર્વ આપને અર્પણ કર્યું છે. હવે એ અમારાથી પાછું લેવાય નહીં. આપની મરજી હોય તેમ આ સામગ્રીનો ઉપયોગ કરો.''

સ્વામી ખુરશીમાંથી ઊભા થયા. જે વસ્ત્રાલંકાર તથા રૂપિયાના થાળ હતાં તે બ્રાહ્મણોને દાનમાં અપાવી દીધાં. સાકર તથા ફળફૂલ હતાં તે પ્રસાદીનાં કરીને રાજા તથા તેના બે કુંવરોને આપ્યાં.

ત્યારે રાજાએ સ્વામીને કહ્યું, ''આપ રાણીને દર્શન આપો.'' સ્વામીએ કહ્યું, ''ક્ષમા કરજો મહારાજ ! એવું કરવાની અમારા ગુરુની આજ્ઞા નથી. અમે અષ્ટ પ્રકારે સ્ત્રીઓથી દૂર રહીએ છીએ.''

સ્ત્રી-ધનના આવા ત્યાગી મહાત્માનાં દર્શનથી રાજા તથા દરબારીઓને સ્વામી પ્રત્યે ખૂબ આદર વધ્યો. પછી તો સ્વામીને બ્રાહ્મણના ઘરે જમાડ્યા અને સ્વામી ફરી પોતાને ઉતારે આવી ભજન-સ્મરણ કરવા લાગ્યા.

પહેલી કસોટી

સ્વામી કુંજબારી આવ્યા એને ઘણા દિવસો વીતી ગયા હતા. રોજ રાજા તથા અન્ય પ્રજાજનો સ્વામીનાં મુખે વહેતી અમૃતવાણીનું પાન કરતા હતા. સ્વામીની આચરણ સાથે વણાયેલી ત્યાગ-વૈરાગ્યથી ભરપૂર વાતો સાંભળી લોકોને ભારે શાંતિ થતી હતી. દિવસે દિવસે સ્વામીની કીર્તિ નગરમાં પ્રસરી રહી હતી.

એક દિવસ રાજાએ પોતાના ગુરુ બાવાજી આગળ વાત કરતા કહ્યું, ''ગુરુદેવ ! આ સંતમહાત્મા ભારે ત્યાગી-વૈરાગી છે. એમને મન સ્ત્રી-દ્રવ્યનું કોઈ ખેંચાણ દેખાતું નથી કે નથી તેઓ માન-સન્માનથી પ્રભાવિત થતા. તેઓ નિરંતર ભજન-ભક્તિમાં જ સમય વિતાવે છે.''

રાજાના ગુરુ પણ મુમુક્ષુ હતા. એમના ઉપર પણ સ્વામીની સાધુતાએ પ્રભાવ પાડ્યો હતો. તેઓ સ્વામીની વધતી કીર્તિ અને માન-સન્માનથી રાજી થતા હતા. તેમણે રાજાને કહ્યું, ''રાજન ! આ કોઈ ખાનદાન કુટુંબના ભાગ્યશાળી પુરુષ છે, નહિતર આવું રૂપ અને ગુણ એક જગ્યાએ ન હોય. મારું તો કહેવું છે કે આ મહાત્માને કાયમી આપણાં રાજ્યમાં રાખી દેવા જોઈએ. એ માટે એને બંધનમાં નાંખવા જરૂરી છે. માટે તમારી કન્યા એમની સાથે પરણાવો અને એકાદ પરગણાનું રાજ્ય પણ આપી દો.''

ગુરુની વાત રાજાને ખૂબ ગમી. રાજાએ તુરત જ બધું ખાનગી રહે એમ તૈયારીઓ શરૂ કરી દીધી. બ્રાહ્મણો પાસે મુહૂર્ત જોવડાવ્યું. આજથી દશમે દિવેસ સારું મુહૂર્ત આવ્યું. એ સમયે ગુરુએ રાજાને કહ્યું, ''આ વાત બને તેટલી ખાનગી રાખજો. જો આ વાતની ગંધ પણ એ સંતને આવશે તો એ જતા રહેશે. માટે આપ એમના ઉતારાની ફરતો ચોકી પહેરો ગોઠવી દો. એ નદીએ સ્નાન કરવા જાય ત્યારે પણ સૈનિકોને સાથે મોકલો. આ દસ દિવસ પૂરી તકેદારી રાખી સંતને સાચવી લેજો, આવો અવસર ફરી નહીં આવે.''

ગુરુની સલાહ પ્રમાણે રાજાએ સ્વામીના ઉતારા

ફરતા સૈનિકોને ગોઠવી દીધા. સ્વામી નહાવા જાય, ગામમાં જમવા જાય કે અન્ય કોઈ પ્રસંગે ઓરડીની બહાર નીકળે, ચાર-પાંચ સૈનિકો હંમેશાં સ્વામીની પાછળ પાછળ ફર્યા કરે. આમ ને આમ ચાર-પાંચ દિવસ પસાર થઈ ગયા. સ્વામી સૂક્ષ્મ દૃષ્ટિથી બધું જોયે રાખતા હતા, પરંતુ કોઈ અણસાર આવતો નહોતો કે શું થઈ રહ્યું છે. સ્વામીએ ઘણા પ્રયત્નો કર્યા, પણ કોઈ માહિતી મળતી નહોતી.

સ્વામી જાગ્રત સંત હતા. માયાના ઝપેટામાંથી છૂટીને આવ્યા હતા. ફરી માયાનો પંજો ન પડે એની પૂરી તકેદારી રાખી રહ્યા હતા.

એવામાં છઠ્ઠા દિવસે રાજાના બે કુંવરો હતા તે રમતાં રમતાં સ્વામી પાસે આવીને બેઠાં. સ્વામીએ તેમને પહેલા સારી વાતો કરી પછી મીઠી ભાષામાં પૂછ્યું, "તમારા પિતાશ્રી અને ગુરુજી મારા વિશે કઈ વાતો કરે છે?"

સ્વામીની મીઠી વાતોથી કુંવરો ભોળવાઈ ગયાં. તેઓ સ્વામીને રાજી કરવા ઉત્સાહથી બોલી ગયાં, "મહાત્માજી! અમે અમારાં બહેન તમને પરણાવીશું અને એક ગામનું રાજ્ય પણ આપીશું. એવું અમારા ગુરુ કહેતા હતા."

કુંવરોના મુખે આ વાત સાંભળી સ્વામીના હૃદયને થડકો લાગ્યો, પરંતુ સ્વામીએ સ્વસ્થતા જાળવી રાખી. બીજું શું ચાલે છે તે જાણવા સ્વામીએ પૂછ્યું, "તમારા ગુરુ અને પિતાશ્રી બીજી કઈ વાત કરતા હતા?"

કુંવરો પણ સ્વામીની વાતોમાં આવી મહેલમાં ચાલતી વાતો સંભળાવવા ઉત્સુક થઈ ગયાં હતાં. કુંવરો એક પછી એક ખાનગી રાખવાની વાતો પ્રકાશિત કરી રહ્યાં હતાં. એક કુંવરે કહ્યું, "મહાત્માજી! અમારા ગુરુ તો એવું પણ કહેતા હતા કે તમને રાજ્યના ગુરુપદે સ્થાપવા છે. પછી અમે આખું રાજકુટુંબ આપના શિષ્યો થઈને રહેવાના છીએ."

ત્યાં બીજો કુંવર બોલ્યો, "મહાત્માજી! તમે અહીંથી જતાં ન રહો તે માટે તો અમારા પિતાજીએ તમારી દેખરેખમાં સિપાઈઓ રાખ્યા છે."

ભોળા ભાવે કહી રહેલા કુંવરોની વાતમાં સ્વામીનાં અંતરમાં ઊઠેલા સંશયના તાળાં ઊઘડી રહ્યાં હતાં. કુંવરોની વાતે સ્વામીની ચિંતા વધારી દીધી હતી, કારણ કે બાંધેલાં મીંઢળે ઘર છોડ્યું ત્યારે મીંઢળના છોડનારા મહારાજ મળ્યા હતા. જો અહીં રાજાના બંધનમાં બંધાયા તો જીવન ધૂળધાણી થઈ જવાની શક્યતા હતી. ઘરનાં બંધનો માંડ માંડ છોડ્યાં હતાં, ત્યાં આજે નવું બંધન પાછળ પડ્યું હતું. સ્વામીને હવે એક જ રસ્તો દેખાતો હતો અને એ હતો મહારાજને પ્રાર્થના કરવાનો.

કુંવરોએ વિદાય લીધી એટલે સ્વામીએ ઓરડીનો દરવાજો બંધ કરી દીધો. એક ખૂણામાં સુખાસનમાં બેસી ગયા અને અંતરના નાદથી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે પ્રભુ! આ બંધનમાંથી બચાવજો. જો રાજાના હાથમાં આવી ગયો તો જિંદગીભરનો ગુલામ થઈ જઈશ. આપનું શરણું સ્વીકાર્યા પછી હવે આ જગતની ગુલામી સ્વીકાર્ય નથી. મહારાજ! રક્ષા કરજો.'

ધ્યાનાવસ્થામાં પ્રાર્થના કરી રહેલા સ્વામીને દિવસ વીતી ગયાનું પણ ભાન ન રહ્યું. જાગ્યા ત્યારે રાત્રિ થઈ ગઈ હતી. સ્વામીએ મનોમન યોજના ઘડી કાઢી. સ્વામી રાત્રિના ત્રણેક વાગ્યે ઊઠ્યા. આસપાસમાં તપાસ કરી તો કોઈ સૈનિક દેખાયો નહીં, એટલે સ્વામીએ ધીરે રહીને ઓરડીનો દરવાજો ખોલ્યો. માર્ગ મોકળો હતો એટલે સ્વામી નદીએ નાહવા જવાનું મિષ લઈ નગરની બહાર નીકળી ગયા. ચારેબાજુ અંધકાર છવાયેલો હતો, કોઈ જુએ એવું લાગતું નહોતું, તેથી સ્વામીએ પગમાં જેટલું જોર હતું તેનો પૂરો ઉપયોગ કરી ચાલવા માંડ્યું.

નગરથી થોડે દૂર ગયા ત્યાં નદીનું મોટું કોતર આવ્યું. હવે દિવસ ઊગી ગયો હતો એટલે રાજાના સૈનિકો જરૂર શોધવા આવશે એવું ધારી સ્વામી કોતરમાં સંતાઈ ગયા. આ બાજુ સવાર થતા જ રાજાને ખબર પડી કે, મહાત્માજી ભાગી ગયા છે. એટલે એમણે ચારેતરફ ઘોડેસવારો દોડાવ્યા અને જ્યાં હોય ત્યાંથી મહાત્માજીને પાછા લઈ આવવા કહ્યું.

દૂર દૂર સુધી ઘોડેસવારોએ તપાસ કરી, પણ મહાત્માજીની કોઈ ભાળ મળી નહીં. બધા સવારોએ આવી રાજાને માહિતી આપી કે, 'મહાત્મા ક્યાંય મળ્યા નહીં, એ તો જાણે અલોપ થઈ ગયા હોય એવું લાગે છે!'

ધન્ય છે સ્વામીના વૈરાગ્યને! યુવા અવસ્થા હોય અને સામે આવા લોભામણા વિષયો હોય ત્યારે કોનું મન વિરક્ત રહે! એક વાર સ્વામી પરણતાં પરણતાં ભાગ્યા હતા અને આજે પરણવું અને રાજ્ય બન્ને છોડીને ભાગ્યા.

જેનું અંતર ભગવાન શ્રીસ્વામિનારાયણનાં મહિમાથી તરબતર હોય, જેણે ભગવાનને ઓળખી લીધા હોય, જેણે સંસારનાં સુખને પણ ઓળખી લીધાં હોય એનાથી જ આવો ત્યાગ થઈ શકે, કારણ કે એક બાજુ મહારાજની આજ્ઞાથી સંતો ભારે દુઃખ વેઠી રહ્યાં હતા, ત્યારે આ પ્રકારની વૈરાગ્યવૃત્તિ ખરી મુમુક્ષુતાનાં દર્શન કરાવે છે.

વૈષ્ણવજન તો તેને રે કહીએ.....
.....જે પીડ પરાઈ જાને રે. - 3

- મહેશ પટારિયા

"સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે..."

મને બરાબર યાદ છે કે, હું નાનો હતો ત્યારે એક વાર આખી રાત કુરાન પઢતો બેઠો હતો. તે વખતે મારી બાજુમાં કેટલાક માણસો પડ્યા પડ્યા મોટેથી ઘોરતા હતા.

મેં મારા અબ્બાજાનને જોઈને કહ્યું; 'બાબા ! જુઓને, આ લોકો કેવા છે ? ખુદાને નમાઝ પઢવી તો બાજુએ રહી, પણ કોઈ માથુય ઊંચુ કરતું નથી !''

આ સાંભળીને પિતાજી બોલ્યા; ''બેટા ! તું પણ આ લોકોની માફક ઊંઘી ગયો હોત તો ઘણું સારું થાત, જેથી તું પારકાની નિંદા તો ન કરત !'' - શેખ સાદી (શાંત તોમાર છંદ, સંપાદકઃ રમેશ સંઘવી)

મુસ્લિમ સંત શેખ સાદીએ નોંધેલા ઉપરોક્ત પ્રસંગમાં ભક્તકવિ નરસૈયાના ભક્તિગીત 'વૈષ્ણવજન'ની પંક્તિ 'સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે...'નો જયઘોષ થતો સંભળાય છે.

નિંદાના પાયામાં પરાયાપણાનો ભાવ રહેલો દેખાય છે. આ પરાયાપણાનો ભાવ એ ઈસ્લામના એકેશ્વરવાદ અને ભારતીય ઉપનિષદીય વિચારધારાની 'તોહીન' ગણાય.

કેમ કે ઈસ્લામે એકેશ્વરવાદના નેજા હેઠળ સમાનતાની બુનિયાદ રચી. જો માલિક એક હોય તો એનું સર્જન એવી સૃષ્ટિમાં કોઈ ભિન્ન ન હોઈ શકે ! બધા કોઈ અકળ તાણાવાણાથી ગુંથાયેલા - જોડાયેલા હોય જ.

ભારતીય ઉપનિષદીય પરંપરા પણ આ જગત બ્રહ્મથી સભર છે. કાંઈ, કોઈનાથી જુદું નથી. કોઈ અદૃશ્ય અકળ સાંકળથી સૌ જોડાયેલા છે.

આદિ જગતગુરુ શંકરાચાર્યજીનો અદ્વૈતવાદ પણ આ પરમ ઐક્યની વાતનો જયજયકાર કરે છે. જ્યાં પરમ ઐક્ય પ્રવર્તતું હોય ત્યાં નિંદા સંભવી શકે ?



તો પછી જગતમાં નિંદા - કૂથલી ચાલુ રહે છે એનું કારણ શું ? કારણ એ જ કે, સૃષ્ટિના સર્જનો જોતી વખતે એની પાછળના સર્જકને આપણે જોવા ટેવાયેલા નથી, અથવા જોઈએ છીએ તો માત્ર એનું સ્થૂળ દર્શન જ હોય છે. કોઈ ઉચ્ચ કોટિના, નરસૈયા જેવા ભક્ત જ વિવિધ સ્થૂળ સર્જન પાછળનાં સૂક્ષ્મઐક્ય નિહાળીને કહી શકે...

"ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોય..."

આપણને સોનાનાં ઘરેણાંના વિવિધ ઘાટ વીંટી, કડલાં કે હાર જ દેખાય એ હદે સ્થૂળ છીએ, પણ એ બધામાં લઘુત્તમ સામાન્ય અવયવ એવું 'હેમત્વ' તો કોઈ સૂક્ષ્મદર્શીને જ દેખાઈ આવે.

આવાં સુક્ષ્મદર્શન દ્વારા હેમત્વને જોવાવાળો કોઈ એના વિવિધ ઘાટના વિવાદમાં પડે ખરો ?

એ એમ કહી શકે કે વીંટી કરતા બુટ્ટી વધુ મહત્વની છે.

જેમ સોનાના જુદાં જુદાં ઘરેણાં જોતી વખતે એમાં માત્ર હેમત્વને જોઈ શકનારો માણસ ઘાટની કડાકૂટમાં પડતો નથી, એમ સૃષ્ટિના વિવિધ આવિષ્કારોની પાછળ એના કર્તા એવા પરમતત્વ પરમેશ્વરને જોઈ શકતો ભક્ત - ભાવક બીજાની અધૂરપ કે પૂર્ણતાને સમાન કક્ષાએ જોવે એ શક્ય છે. આવી સમત્વદૃષ્ટિ પછી નિંદા ખરી પડે અને 'સકળ લોકની વંદના' શરૂ થાય એવું શક્ય બનતું હશે !!

ઈસ્લામના એકેશ્વરવાદ અને અલ્લાહના સાર્વત્રિકપણાને પચાવી બેઠેલો ઈસ્લામનો નેક બંદો કોઈ આસ્તિક હિન્દુએ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિમાં ઈશ્વર હોવાનો ઈનકાર કરી શકે ? મૂર્તિપૂજાની નિંદા કરી શકે ?

એવી જ રીતે શંકરાચાર્યના અદ્વૈતવાદ અને વેદ-ઉપનિષદમાં ગવાયેલા ઈશ્વરના સાર્વત્રિકપણાને પામી ગયેલો હિન્દુ કોઈની નિરાકાર ઉપાસનાને નીંદી શકે ?

આ બન્ને પ્રશ્નોના ઉત્તર શ્રદ્ધાપૂર્વક 'ના' માં જ આપવા પડે. નિંદાની ગેરહાજરી એટલે જ સર્વની સ્વીકૃતિ. સર્વની સ્વીકૃતિ એટલે જ સકળની વંદના !

આધ્યાત્મિક દૃષ્ટિએ તો એ રસ્તે ચાલવા માગતા બધાને માટે સર્વની સ્વીકૃતિ અને સકળની વંદના કરવાની અને નિંદાથી પર થવાની આવશ્યકતા છે જ, પણ સામાન્ય માણસો પણ આ વાત સમજીને વંદના નહીં પણ સકળની સ્વીકૃતિ કરી શકે તો પણ

એ સમાજની તંદુરસ્તી માટે ઉપકારક બને એમ છે.

નિંદાથી તૂટેલા ઘરની સંખ્યા આપણે ધારીએ છીએ એના કરતાં પણ વધારે હશે !

બે 'મળેલા જીવ' મળે તે પહેલાં જ અન્યનું સાત્ત્વિક સુખ નહિ વેઠી શકનારા લોકો બિભત્સ રીતે આ વાતને એવી ચગાવે એ પેલા બેયનું, ખાસ કરીને સ્ત્રીનું જીવવું ભારે થઈ પડે.

આવા નિંદારસમાં જ રમરાણ રહેતા લોકોની બહુમતી ધરાવતા અસભ્ય સમાજના આપણે સૌ સભ્યો છીએ.

સરયૂ નદીના જળતરંગો આવતીકાલના રામરાજ્યાભિષેકના સુખદ સ્પંદનો ઝીલવા આતુર હતા, એને બદલે રામ વનગમનનાં દુ:ખદ દૃશ્ય પામ્યાં એના પાયામાં મંથરાની નીંદાવૃત્તિ જવાબદાર હતી.

નિંદાવૃતિ ધરાવનાર વ્યક્તિની નિંદા અભિવ્યક્ત કરવાની અભિવ્યક્તિ એટલી લાલિત્યપૂર્ણ હોય છે કે ઝીલનારને એમ જ લાગે કે આનાથી વધારે મારા હિતની અન્ય કોઈ વાત હોઈ જ ન શકે. કેકઈને મંથરાની વાતમાં આવી જ પ્રતીતિ આવી હશે ને ?

અગ્નિપરીક્ષામાંથી સો ટકા સાથે ઉતિર્ણ થનાર સતી સીતાના સતીત્વનું આવું ભવ્ય પ્રમાણપત્ર પણ અયોધ્યાના ધોબીની નિંદા સામે નિરર્થક પુરવાર થયું.

એનાં કારણે જ જ્યારે સીતાને, પતિ-પરિવારની ખૂબ આવશ્યકતા ગણાય એવી સગર્ભા અવસ્થામાં જ રામ દ્વારા એમનો ત્યાગ થયો.

રાવણ દ્વારા થયેલા સીતાહરણ પછી રામ-સીતાનું મિલન શક્ય બન્યું, પણ ધોબીની નિંદા પછી આ મિલન શક્ય ન બન્યું ! લંકાપતિ, દેવોને પરાસ્ત કરનાર રાવણની તાકાત કરતાં પણ વધુ વિનાશક આ નિંદા ગણાય ને ?

નિંદા તાકતવર ખરી પણ નિંદા કરનાર પોતે નિર્વીર્ય જ હોય. જે કશું જ ન કરી શકે તે નિંદા કરી શકે. રાવણ સીતાનું હરણ કરી શકે પણ સીતાની નિંદા ન કરી શકે.

નિંદા અને આલોચનામાં પાયાનો તફાવત આ જ છે. આલોચના કરવામાં ખૂબ હિંમત અને વીરત્વની જરૂર પડે, જ્યારે નિંદામાં તો આ બેયની ગેરહાજરી ચાલે. આલોચના કરનાર ફેરવી ન તોળે, નિંદા કરનારને મોટેભાગે વાતને ફેરવી - તોળવી પડે. કડવી આલોચના કરનાર માણસ સમય જતાં લોકોનો વિશ્વાસ સંપાદન કરીને આદરપાત્ર બને છે, જ્યારે નિંદા કરનારની નિર્બળતા ખુલ્લી પડી ને એનાં વ્યક્તિત્વને ગંધવી મારે છે. આ ગંધ કોરોના વાયરસ કરતાં પણ વધુ વિઘાતક હોય છે!!

તમારી આલોચના કરીને મોંઢા પર રોકડું પરખાવનારની વંદના કરજો, ખાતરી રાખજો કે આવી તકલીફ તમારે વારંવાર નહિ લેવી પડે, એટલી હદે સાચા આલોચકો લઘુમતીમાં છે !!

નિંદા માટે આમ તો કૂવો વગોવાઈ ગયેલું સ્થાન છે, પણ આપણી ઓફિસો, શાળાના સ્ટાફરૂમો, કોલેજના અધ્યાપકખંડોમાં વહેતો નિંદારસ લાલિત્યકલાની કક્ષાએ પહોંચતો હોય છે ! આવી જગ્યા ઉપર મોટાભાગે કર્મઠ લોકોની, કામચોરો દ્વારા નિંદા થતી હોય એવી પૂરી શક્યતા છે.

નિંદા પાછળ મોટેભાગે ઈર્ષા જવાબદાર હોય છે.

'દેખાય છતાં ન દેખાય એનું નામ અદેખાઈ.'

ખાઈમાં પડેલો માણસ ઉપર ઊઠી શકે એ શક્ય છે, પણ અદેખાઈમાં પડેલો માણસ ઉપર ઊઠે એ શક્ય નથી.

અદેખાઈ, ઈર્ષા એ માણસની સહજ વૃત્તિઓ પૈકીની એક ગણાય. એટલે એને નિર્મૂળ કરીને જીવવું એ સામાન્ય માણસ માટે કઠિન બાબત ગણાય એમ છે.

નિંદાની પૂર્વ શરત એવી ઈર્ષાવૃત્તિ સાથે કામ પાર પાડવાની કોઈ સારી રીત ખરી ?

સહજાનંદ સ્વામીનાં વચનામૃતમાં ઈર્ષા કરવી તો કેવી કરવી એની વાત થઈ છે. તે જોઈએ.....

'શ્રીજીમહારાજ બોલ્યા જે, ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી. જેમ એક સમયને વિષે નારદજી અને તુંબરુ બેય વૈકુંઠને વિશે લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા. તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુંએ ગાન કર્યું, તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ બેય પ્રસન્ન થઈને તુંબરુંને પોતાનાં વસ્ત્રાભૂષણ આપ્યાં. ત્યારે નારદજીને તુમરું ઉપર ઈર્ષ્યા આવી જે હું તુમરુંના જેવી ગાનવિદ્યા શીખુ અને ભગવાનને પ્રસન્ન કરું..... ગાનવિદ્યા શીખવા ઘણા પ્રયત્નો છતાં ભગવાન પ્રસન્ન ન થયા. છેવટે તુંબરુ પાસે નારદજી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાતા હવા. ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્રાલંકાર નારદજીને આપ્યાં. ત્યારે નારદજીએ તુંબરું સાથે ઈર્ષા મેલી. માટે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષા હોય તેના જેવા ગુણ ગ્રહણ કરવા.' (ગ. પ્ર.૪)

ઈર્ષાથી નીંદાવૃત્તિ જન્મે છે પણ જેની ઉપર ઈર્ષા થઈ આવે એના જેવા કૌશલ્ય કેળવવામાં એનો વિનિયોગ થાય, તો નિંદાની દીનતામાંથી બચી શકાય.

કોઈ ઉચ્ચકોટિનું સંશોધન કરનાર માણસ, સારા સંશોધકના લક્ષણોની યાદી આપે એ સર્વમાન્ય હોય જ. એમ આધ્યાત્મિકતાના એવરેસ્ટ પર પહોંચેલ ભક્ત નરસૈયો 'ખરો વૈષ્ણવજન, પ્રભુભક્ત ઈર્ષામુક્ત અને સર્વને સ્વીકારનારો હોય' એમ કહે તો માનવું -

એ બ્રહ્મવાક્ય જ હોય !!

સમાચાર દર્શન

‘વંદુ સહજાનંદ...’ પદોનું અનુષ્ઠાન

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતખજાનામાંનું એક અણમોલ રત્ન પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીની ભક્તિના સાર સ્વરૂપે પ્રગટેલા અલૌકિક પદો ‘વંદુ સહજાનંદ રસરુપ’ની ઉત્પત્તિના મહા વદ ચૌદસ-તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ બસો એક વર્ષ પૂર્ણ થયા. આ પાવન અવસરે SGVP ગુરુકુલ પરિવાર દ્વારા પૂજ્ય સ્વામીજીની પ્રેરણા તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી એવં પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં અમદાવાદ ગુરુકુલ ખાતે ત્રણ હજાર ઉપરાંત હરિભક્તો દ્વારા વંદુના પદોનું અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભગવાન શ્રીહરિના પૂજન સાથે અનુષ્ઠાનનો પ્રારંભ થયો હતો. ત્યાર બાદ સામૂહિક અગિયાર પાઠ કરી ત્રણ પુરશ્ચરણ ભગવાનના ચરણે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાસ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીનું પણ વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તજનોને પદોના મહિમાની વાતો કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી ભક્તવત્સલદાસજી સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

રાજકોટ : શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ તથા રીબડા ગુરુકુલના સંયુક્ત ઉપક્રમે, રાજકોટ ખાતે તા. ૨૩ થી ૨૭ ફેબ્રુઆરી - પંચ દિનાત્મક વંદુ યજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસના યજ્ઞમાં રાજકોટ તથા આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી લાભ લીધો હતો. સવારના યજ્ઞમાં સંતો તથા ભાઈઓ તેમજ બપોર પછી બહેનો ભક્તોએ મહારાજની મૂર્તિના અનુસંધાન સાથે આહુતિઓ અર્પણ કરી હતી. આ પ્રસંગે ખાસ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી પધાર્યા હતા અને ભક્તોને શુભાશિર્વાદ પાઠવ્યા હતા. આ યજ્ઞનું આયોજન કોઠારી શ્રી રાધારમણદાસજી સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસજી સ્વામી તથા રીબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.

પાડાસણ : ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રસાદીભૂત ગામ પાડાસણ ખાતે પ્રસાદીના દરબારગઢમાં પણ વંદુના પદોનું અનુષ્ઠાન રાખવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજીએ પધારી સર્વને લાભાન્વિત કર્યા હતા. આ પ્રસાદીના દરબારગઢની સાચવણી આદરણીય શ્રી નવિનભાઈ દવેના માર્ગદર્શન પ્રમાણે થઈ રહી છે.

વડતાલધામ પદયાત્રા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદને આગામી વર્ષે પચાસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. એ નિમિત્તે આયોજિત સુવર્ણ જયંતિ મહોત્સવ ઉપક્રમે અનેક આયોજનો થઈ રહ્યા છે. તાજેતરમાં તા. ૧૫-૧૬ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ભવ્ય-દિવ્ય પદયાત્રાનું આયોજન થયું. આ પદયાત્રાનો અમદાવાદ ગુરુકુલથી પ્રારંભ થયો હતો અને વડતાલધામ ખાતે પૂર્ણઆહુતિ થઈ હતી.

તા. ૧૫ના રોજ અમદાવાદ ગુરુકુલથી પ્રારંભ થયેલી યાત્રા જેતલપુર, હરિયાળા ગુરુકુલ, ડભાણ વગેરે ધામોના દર્શન કરતા વડતાલધામ પહોંચી હતી. પરમ પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી, સંતો, વિદ્યાર્થીઓ તથા એક હજાર ઉપરાંત ભાઈ-બહેનો આ યાત્રામાં જોડાયા હતા. ડગલે ડગલે સ્વામિનારાયણ મહામંત્રનો જપ તથા અંતરમાં આરાધ્ય ઈષ્ટદેવના દર્શન કરવાની હોંશ સાથે ચાલતા સંઘમાં જોડાયેલા દરેક ભક્તોના હૃદયમાં આનંદ હતો. વડતાલધામ પહોંચતા જ કોઠારી સ્વામી, ચેરમેન સ્વામી તથા અન્ય સંતોએ પદયાત્રીઓનું સ્વાગત કર્યું હતું. હરિકૃષ્ણ મહારાજનાં દર્શન, કથા શ્રવણ તથા ભોજન પ્રસાદ ગ્રહણ કરી દરેક ભક્તો પાછા ફર્યા હતા.

આ પ્રસંગે આયોજિત સત્સંગ સભામાં કોઠારી સ્વામી શ્રી સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ‘ગુરુકુલ પરિવાર દ્વારા થતા આયોજનો ભક્તિથી ભરેલા હોય છે. કારણ કે ગુરુકુલની ભૂમિમાં સદ્‌ગુરુ સંતોનું ભજન ધરબાયેલું છે. એ ભજનના પ્રતાપે સંપ્રદાયનું સાચું ધન ગુરુકુલમાં સચવાયું છે.’ પૂજ્ય ચેરમેન શ્રી

દેવપ્રકાશદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ગુરુકુલ પરિવારમાં ખૂબ વડતાલ ધામનો મહિમા છે, જેની પ્રેરણા અમને પણ પ્રાપ્ત થાય છે. આ પ્રસંગે પૂજ્ય શુકદેવદાસજી સ્વામી - નાર તથા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ ખાસ પદયાત્રાળુઓને શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, વડતાલ ધામમાં બિરાજમાન હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવાથી લખચોરાશીના થાક ઉતરી જાય એવો પ્રતાપ છે. આપણી સેવા-ભક્તિની તમામ સરિતાઓ હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં વિરામ પામે છે.

કાલગણના સેમિનાર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદના વિશાળ કેમ્પસમાં ભારતની ગણમાન્ય દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય છેલ્લા છવીસ વર્ષથી કાર્યરત છે. સંસ્થાના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી કાર્યરત આ સંસ્કૃત પાઠશાળામાં ચાલતા સંશોધન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય કાલગણના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાળ વિભુ છે, નિત્ય છે, સર્વત્ર વ્યાપક છે. ભગવાનની દિવ્ય શક્તિ સ્વરૂપે રહેલા કાળ-સમયના સ્વરૂપને સમજવું ખૂબ કઠીન છે. શાસ્ત્રોમાં કાળના અનેક સ્વરૂપો દર્શાવાયા છે. વિવિધ દેશોમાં, વિવિધ સંસ્કૃતિમાં કાળને અનેક રીતે ઓળખવામાં આવે છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના સહયોગથી દર્શનમ્ શોધ કેન્દ્ર દ્વારા તા. ૨૨-૨૩ ફેબ્રુઆરી દરમિયાન કાલગણના સેમિનારનું આયોજન થયું.

આ સેમિનારમાં ભારતભરતના વિવિધ રાજ્યોમાંથી જ્યોતિષ વિષયના પ્રખર વિદ્વાનોએ પધારી કાલગણનાના વિવિધ વિષયોને આધારે પોતાના શોધપત્રો રજુ કર્યા હતા. જેમાં શ્રી સોમનાથ સં.યુનિ.ના કુલપતિ સુકાંત સેનાપતિજી, ઈ.એન. ઈશ્વરન - કેરલા, શ્રી નાગેશ ભટ્ટ - કર્ણાટક, શ્રી વિનયકુમાર પાંડે - બનારસ, શ્રી રંગનાથ ત્રિપાઠી - ગોરખપુર, શ્રી રવીન્દ્ર ખાંડવાલા - અમદાવાદ, શ્રી શ્યામદેવ મિશ્ર - લખનૌ, શ્રી દિગન્ત ત્રિવેદી, શ્રી કાર્તિક પંડ્યા - સોમનાથ વગેરે મોટી સંખ્યામાં વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

બે દિવસના આ સેમિનારમાં કુલ ચાર સત્રો યોજાયા. જેમાં કાળના નવ સ્વરૂપ, મૂર્તામૂર્ત કાળ સ્વરૂપ, રામાયણ-મહાભારતમાં કાળગણના, વૈદિક સાહિત્યમાં કાળગણના, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં કાળગણના, કાળની દાર્શનીક અવધારણા વગેરે વિષયોને આધારે ચર્ચા તથા પ્રશ્નોત્તરી થઈ હતી. ગુજરાતની વિવિધ પાઠશાળાઓ તથા અન્ય જ્યોતિષ વિષયના સો ઉપરાંત વિદ્યાર્થીઓ આ સેમિનારમાં જોડાયા હતા.

પુષ્પદોલોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધૂળેટીના પવિત્ર દિવસે ભવ્ય દિવ્ય પુષ્પદોલોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું સાનિધ્ય તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી તથા સંતોની નિશ્રામાં આ મહોત્સવ સંપન્ન થયો.

આ દિવ્ય ઉત્સવના શણગાર માટે ૨૫૦૦ કિલો ફૂલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પુષ્પો વડે ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનું સિંહાસન તથા વઘાનું નિર્માણ થયું હતું. ઉપરાંત આજે ભગવાન નરનારાયણદેવ જયંતી હોવાથી પુષ્પ હિંડોળે ભગવાનને ઝુલાવવામાં આવ્યા હતા.

મહોત્સવના પ્રારંભે શ્રી ઘનશ્યામ મહારાજની ભવ્ય પૂજન વિધિ પૂજ્ય સંતો દ્વારા સંપન્ન થઈ તથા ફૂલોની પાંખડીથી અભિષેક કરવામાં આવ્યો ત્યારે ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનું સમસ્ત શ્રીવિગ્રહ પુષ્પોથી ઢંકાઈ ગયું હતું.

આ શુભ પ્રસંગે ગુરુવર્ય પૂજ્ય સ્વામીજીએ ભગવાન સ્વામિનારાયણની અનોખી ઉત્સવ પરંપરાને વધાવતા કહ્યું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉત્સવોમાં ભક્તિના પડ ચડાવીને અનોખી ભાત પાડી છે. ઉત્સવની સાથે સાદાચાર અને સત્સંગનો અનોખો સંગમ રચ્યો છે. મહોત્સવ માણીને મન નિર્મળ થાય એ ઉત્સવનું મુખ્ય પ્રયોજન છે.

મહોત્સવના અંતે સંતોએ ભક્તો ઉપર પ્રસાદીની પાંખડીઓની વર્ષા કરી હતી. સૌ ભક્તો-વિદ્યાર્થીઓએ પુષ્પપાંખડીથી રમી ખૂબ આનંદ પ્રાપ્ત કર્યો હતો. કેવળ પુષ્પપાંખડીથી ઉજવાતો આ મહોત્સવ સૌને ખૂબ પ્રેરણા આપે છે. અહીં નથી કોઈ કેમિકલ, નથી પાણીનો બગાડ. કેવળ સાત્વિક આનંદની જડી વરસી.આવા દિવ્ય મહોત્સવની ઉજવણી શ્રદ્ધા અને ભક્તિની પરાકાષ્ઠા દર્શાવતી હતી.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પરબતભાઈ લાલજીભાઈ પિંડોરિયા :- ગામ સામત્રા નિવાસી શ્રી પરબતભાઈ પિંડોરિયા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવા કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ સંતોનો રાજીપો પણ ખૂબ મેળવ્યો છે. પરબતભાઈ ખૂબ સારા ભક્ત હતા. ભગવાન શ્રીહરિ પરબતભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મુકેશ જાદવા વેકરિયા :- પ.ભ. શ્રી મુકેશ વેકરિયા તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારી રીતે સત્સંગ રાખે છે અને નિષ્ઠાની સંસ્થા સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મુકેશભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી રજનીકાંત મણીભાઈ પટેલ :- અમેરિકા નિવાસી પ.ભ. શ્રી રજનીકાંતભાઈ પટેલ તા. ૧ માર્ચ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. નિષ્ઠા અને ભક્તિ સાથે જોડાયેલા આ પરિવારની સેવા ગુરુકુલમાં ખૂબ રહી છે. રજનીકાંતભાઈએ ખૂબ સમજણ સાથે સત્સંગ રાખ્યો હતો. ભગવાન શ્રીહરિ રજનીકાંતભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અરવિંદભાઈ રામજીભાઈ સાંગાણી :- અમદાવાદ નિવાસી શ્રી અરવિંદભાઈ સાંગાણી તા. ૯ માર્ચ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ગુરુકુલના વિકાસકાર્યોમાં આ પરિવારે ખૂબ યોગદાન આપ્યું છે. આ પરિવાર દ્વારા થતી સમાજસેવા પણ પ્રસંશનીય છે. ભગવાન શ્રીહરિ અરવિંદભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા હનુભાઈ, ઘનશ્યામભાઈ, અંકુરભાઈ, કૃણાલ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી તરશીભાઈ રવજીભાઈ સખીયા :- રાજકોટ નિવાસી સદ્‌ગુરુ સંતોના ખૂબ કૃપાપાત્ર શ્રી તરશીભાઈ સખીયા તા. ૧૨ માર્ચ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ તરશીભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા રમેશભાઈ, વજુભાઈ, ચિરાગભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી કાશીબા વિરજીભાઈ બાંભરોલિયા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા પરિવારના માતુશ્રી કાશીબા બાંભરોલિયા તા. ૬ માર્ચ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ કાશીબાના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા મનહરભાઈ, ગોરધનભાઈ, રસિકભાઈ, અશ્વિનભાઈ, અશોકભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. દિવાળીબેન કથીરિયા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના નિષ્ઠાવંત પરિવારના માતુશ્રી દિવાળીબેન કથીરિયા તા. ૧૧ માર્ચ ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવાઓ ખૂબ ઉત્તમ રહી છે. ભગવાન શ્રીહરિ દિવાળીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કમલેશભાઈ, સંજયભાઈ, પ્રદીપભાઈ, વિરેનભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી હિતેશભાઈ ગોદાની, અમદાવાદ
પ.ભ. શ્રી મનસુખભાઈ દુધાત, અમદાવાદ
પ.ભ. શ્રી પંચાણભાઈ કલોલા, જુનાગઢ
મહિલા સ્વામિનારાયણ મંદિર
અ.નિ મહંત દેવબાઈ ફઈની સ્મૃતિમાં - નારણપર
પ.ભ. શ્રી સુરેશભાઈ કણજરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ રાઘવાણી, UK
પ.ભ. શ્રી કુલદીપ ઉપાધ્યાય, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રિજેશભાઈ છગનભાઈ રણપરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી શૈલેષભાઈ કાકડીયા, અમદાવાદ
પ.ભ. શ્રી હર્ષ જીગ્નેશભાઈ પટેલ, ઉંઝા
પ.ભ. શ્રી ડી. એન. પટેલસાહેબ, અમદાવાદ
પ.ભ. શ્રી શૈલેષભાઈ ઠક્કર, મુંબઈ
પ.ભ. શ્રી વર્ષિતભાઈ પીપરોતર, ધ્રાંગધ્રા

આગામી આયોજન

તા. ૦૬/૦૪/૨૫, રનિવાર : **રામનવમી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
બપોરે ભગવાન શ્રીરામ જન્મોત્સવ, રાત્રે ૮:૩૦ કલાકે શ્રીઘનશ્યામ જન્મોત્સવ, મેમનગર તથા છારોડી ગુરુકુલ
તા. ૦૮/૦૪/૨૫, સોમવાર : **કામદા એકાદશી**
તા. ૧૨/૦૪/૨૫, શનિવાર : **હનુમાન જયંતી :** હનુમાનજીનું વિશેષ પૂજન, સાંજે ૬:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તથા મારૂતિયાગ સાંજે ૪:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ, વાવડી સંસ્કાર કેન્દ્ર-પ્રથમ પાટોત્સવ
તા. ૨૪/૦૪/૨૫, ગુરુવાર : **વરૂથિની એકાદશી,** પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી - ૩જી પુન્યતિથિ

અમદાવાદ ગુરુકુલ સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્મે અમદાવાદથી વડતાલધામ પદયાત્રામાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા એક હજાર ઉપરાંત ભક્તોની સ્વાગત સભા - વડતાલધામ

ભારતીય કાલગણના વિષયને આધારે યોજાયેલ સેમિનારમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, દેશ ભરના વિદ્વાનો તથા વિદ્યાર્થીઓ - SGVP

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત ભવ્ય-દિવ્ય પુષ્પદોલોત્સવમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પુષ્પ પાંખડીથી અભિષેક કરતા સદ્‌ગુરુ સંતો, નૃત્ય રજુ કરતા વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત ભક્તજનો

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી વિરચિત 'વંદુ સહજાનંદ...' પદોની બસો એકમી પ્રાગટ્ય તિથિએ આયોજિત મહાઅનુષ્ઠાન પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ભક્તજનો - અમદાવદા ગુરુકુલ

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–